વડીલોને વંદન અભિનંદન

સરલાબેન ભાસ્કરભાઈ રાણા
(૧૯૩૯)ફોન: ૨૩૨૨૩૫૨૩

ગણેશભાઈ ચતુરભાઈ પટેલ
(૧૯૪૦) ફોન : ૨૩૨૧૦૬૦૧

કોંગ્રેસ તેની ૧૫ બેઠકો સંદર્ભે ૨૫મીથી સમીક્ષા કરશે

અમદાવાદ, તા.૧૭

ગુજરાતની લોકસભાની તમામ ૨૬ બેઠકો પર આગામી ચૂંટણીમાં વિજયનો વાવટો ફરકાવવા ભારતીય જનતા પાર્ટીએ હાથ ધરેલી રાજકીય કવાયતને પગલે હવે કોંગ્રેસ પક્ષે પણ ભાજપ સામે ટક્કર ઝીલવા તથા પોતાની ૧૫ બેઠકો જાળવી રાખવા માટે કમર કસી છે.

આ સંદર્ભમાં કોંગ્રેસ પક્ષ તેમની તમામ ૧૫ બેઠકોની સમીક્ષા કરવા તા. ૨૫મીથી ૨૮મી ડિસેમ્બર સુધી બેઠકોનો દોર શરૂ કરશે. આ અગાઉ તા. ૨૪મી ડિસેમ્બરના રોજ કોંગ્રેસના પ્રદેશ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે સવારે ૧૧ વાગ્યે પ્રદેશ કારોબારીની મહત્વની બેઠક પણ મળશે. જેમાં સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર એહમદ પટેલ તથા ગુજરાત પ્રદેશના પ્રભારી ગુરૂદાસ કામત પણ હાજર રહેશે.

સુત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ કોંગ્રેસ તેમના કબજાવાળી જે ૧૫ બેઠકોની સમીક્ષા હાથ ધરવાનો નિર્ણય કર્યો છે અને આ બેઠકની ચર્ચા માટે સ્થાનિક ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો, જિલ્લા પ્રમુખો, સ્થાનિક હોદ્દેદારો વગેરેને બોલાવ્યા છે. તેમાં મોટો ઉહાપોહ સર્જાશે તેવી શકયતા સુત્રો વ્યકત કરી રહ્યા છે. કારણ કે આ બેઠકમાં કોંગ્રેસના સાંસદો તથા કેન્દ્રિય મંત્રીઓનો પણ સમાવેશ થાય છે જેમની કામગીરીની સમીક્ષા ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો તથા સ્થાનિક આગેવાનો વગેરે કરશે જેના પરીણામે કેન્દ્રીય મંત્રીઓ તથા સાંસદોના ટેકેદારો દ્વારા ઉગ્ર વિરોધ વ્યકત કરવામાં આવે તેવી શકયતા નકારી શકાતી નથી.

રાજીવ ગાંધી ભવન ખાતે યોજાનારી આ ચાર દિવસની સમીક્ષા બેઠકમાં પ્રદેશ પ્રમુખ, અર્જુન મોઢવાડીયા ઉપરાંત પ્રદેશ અગ્રણીઓ સહિત ૨૦ જેટલા ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો, ગુજરાત કોંગ્રેસ તથા અખિલ ભારતીય કોંગ્રેસના ડેલીગેટ્સ વગેરે સમુદ્ર મંથન કરશે અને તમામ બેઠકો પર કોંગ્રેસના સાંસદોની કામગીરી અને પક્ષનો પ્રભાવ તથા ભાજપના પડકારો વગેરેને આવરી લેતો વિસ્તૃત અહેવાલ તૈયાર કરી હાઈકમાન્ડને મોકલશે.

પ્રાંતિજ નજીક ટામેટા ભરેલી આઈશર ટ્રક પલ્ટી ખાઈ ગઈ

સાબરકાંઠાના પ્રાંતિજ નેશનલ હાઈ-વે ત્રણ રસ્તા પાસે વહેલી સવારે ઈડરથી અમદાવાદ તરફ જતી આઈશર ટ્રક માર્ગમાં અચાનક જ પલ્ટી ખાઈ ગઈ હતી. સદનસીબે ડ્રાઈવર સહિત બે વ્યક્તિઓનો આબાદ બચાવ થયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકરાંઠાના ઈડરથી ટામેટા ભરીને આઈશર ટ્રક નં. જીજે-૯-વી-૮૬૮૪ નો ચાલક ટ્રક અમદાવાદ લઈને જઈ રહ્યો હતો. ત્યારે પ્રાંતિજ નજીક હાઈવે પર અચાનક ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ટામેટા ભરેલ ટ્રક પલ્ટી ખાઈ ગઈ હતી. પરિણામે માર્ગ પર ચારેબાજુ ટામેટા-ટામેટા થઈ ગયા હતા પરંતુ સદ્નસીબે આ અકસ્માતમાં ટ્રક ચાલક સહિત બે વ્યક્તિઓનો આબાદ બચાવ થવા પામ્યો હતો. ચાલકને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી.

પાલનપુરમાં બ્રાહ્મણ સમાજ મંડળ દ્વારા સમાજના છાત્રાલય ખાતે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં સમાજના જ્ઞાતિ બંધુઓ જોડાયા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

શિક્ષણ બોર્ડની સામાન્ય સભા તોફાની બને તેવા સ્પષ્ટ એંધાણ

૧૯મી ડિસેમ્બરે બીજી સામાન્ય સભા મળશે : સામાન્ય સભામાં બોર્ડનું અંદાજપત્ર રજુ કરાશે : અહેવાલમાં ધડાકો

અમદાવાદ, તા.૧૭

ગુજરાત યુનિવર્સિટી અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વર્તમાન બોડીની બીજી સામાન્ય સભા ૧૯મી ડિસેમ્બરે યોજાવાની છે. આ સામાન્ય સભામાં બોર્ડનું અંદાજપત્ર રજુ કરવામાં આવનાર છે. પરંતુ શિક્ષણ બોર્ડ દ્વારા હજુ સુધી બોર્ડના સભ્યોને ગત વર્ષના હિસાબોની નકલ મોકલવામાં આવી નથી. જેના પગલે આ બેઠક તોફાની બની રહે તેવી શકયતા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ શિક્ષણ બોર્ડ ગાંધીનગરની સામાન્ય સભા તા. ૧૯ ડિસેમ્બરે ગુરૂવારના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે શિક્ષણ બોર્ડની કચેરી ગાંધીનગર ખાતે મળશે, આ સામાન્ય સભામાં બોર્ડના વર્ષ ૨૦૧૧-૧૨ના વાર્ષિક હિસાબો, વર્ષ ૨૦૧૩-૧૪નું સુધારેલું અંદાજપત્ર અને નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫નું અંદાજપત્ર મંજુરી માટે મુકવામાં આવેલ છે, તેમજ બોર્ડ સભ્ય તરફથી આવેલ પ્રશ્નો અને પ્રસ્તાવો ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે પરંતુ ૨૦૧૨-૧૩ના હિસાબોના હજુ ઠેકાણા નહિં હોવાનું જાણવા મળે છે, સુત્રોના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૧-૧૨ની ખર્ચ રકમ ૯૬ કરોડ જેવી હોય તેના હિસાબોની નકલ બોર્ડ સભ્યોને મોકલવામાં આવેલ નથી, માત્ર એજન્ડાની નકલ જ મોકલવામાં આવેલ છે, ત્યારે સભામાં સીધા હિસાબોની નકલ આપે તો તેનો અભ્યાસ થઈ શકે નહી તેનો વિવાદ આ સામાન્ય સભામાં થવાની સંભાવના છે.

પ્રશ્નોત્તરીમાં શાળાની મંજુરી આપવાના નિયમો, ઉચ્ચતર માધ્યમિક શાળા સામે થતી દંડનાત્મક કાર્યવાહી, વિજ્ઞાન પ્રવાહમાં ચાર સેમેસ્ટરની પરીક્ષા એક સાથે લેવી, માર્ચ-૨૦૧૨માં થયેલ ગુણ કૌભાંડ અંગે તથા સભામાં થતી ચર્ચાની નોંધ રાખવામાં આવતી ન હોય જેથી થયેલ ચર્ચાની અમલવારી થતી ન હોય વિગેરે પ્રશ્નો બોર્ડ સભ્યો પ્રિયવદન કોરાટ, નારણભાઈ પટેલ, વાલભાઈ ખેર, હરેશભાઈ વાઢેળ વિગેરેએ ઉઠાવ્યા છે, અત્રે ઉલ્લેખનીય છે કે પરીક્ષામાં ચોરી કરતાં પરીક્ષાર્થી પકડાય તો કોપીકેસ કરી સજા કરવામાં આવે છે ત્યારે માર્ચ-૧૨માં ગુણ કૌભાંડ કરી ગુણમાં સુધારો કરનાર પરીક્ષાર્થીની માર્કશીટ પરત લેવા સિવાય કોઈ સજા બોર્ડે આ પરીક્ષાર્થીઓને કરેલ નથી, તે મુદ્દો અમુક સભ્યો પેટા પ્રશ્ન કરી ઉપસ્થિતિ કરે તેવી સંભાવના છે, આમ આ સામાન્ય સભામાં ખેંચતાણ થશે તેવું જાણવા મળે છે.

પાંડિયનની જામીન અરજી પર જવાબ આપવા CBIને હુકમ

જામીન અરજી પર પાંડિયન તરફથી જાણીતા વકીલ રામ જેઠમલાણી દ્વારા ઉગ્ર દલીલો : ૧૩મીએ વધુ સુનાવણી

અમદાવાદ, તા.૧૭

સમગ્ર ગુજરાતને હચમચાવી મુકનાર અને દેશના રાજકારણમાં પણ ચર્ચા જગાવનાર સોહરાબુદ્દીન શેખ બનાવટી એન્કાઉન્ટર કેસમાં સંકળાયેલા આઈપીએસ ઓફિસર રાજકુમાર પાંડિયન દ્વારા સુપ્રિમ કોર્ટમાં દાખલ જામીન અરજી પર સુનાવણી પૂર્ણ થઈ ગઈ છે. જામીન અરજીમાં પાંડિયન વતી ખ્યાતનામ વકીલ રામ જેઠમલાણીએ ધારદાર દલીલો કરી હતી. જેમાં ચીફ જસ્ટીસ પી. સથાસિવમ અને રંજન ગોગોઈની ખંડપીઠે સીબીઆઈને નોટીસ ફટકારી જવાબ રજુ કરવા ફરમાન કર્યું છે. આ કેસની વધુ સુનાવણી આગામી ૧૩મી જાન્યુઆરીના રોજ રાખવામાં આવી છે. દેશભરમાં ચકચાર જગાવનાર સોહરાબુદ્દીન નકલી એન્કાઉન્ટર કેસમાં સંકળાયેલા અને હાલ છેલ્લા સાત વર્ષથી જેલમાં બંધ આઈપીએસ ઓફિસર રાજકુમાર પાંડિયને મુંબઈ હાઈકોર્ટથી જામીન ન મળતા સુપ્રિમ કોર્ટમાં જામીન અરજી કરી હતી. રાજકુમાર પાંડિયનની જામીન અરજીમાં તેના વકીલ રામ જેઠમલાણીએ ચીફ જસ્ટીસ પી. સથાસિવમ અને રંજન ગોગોઈની ખંડપીઠ સમક્ષ દલીલ કરતાં કહ્યુંહતુંકે રાજકુમાર પાંડિયન છેલ્લા સાત વર્ષથી જેલમાં છે. ઉપરાંત સોહરાબુદ્દીન અને તુલસી પ્રજાપતિ એન્કાઉન્ટર કેસના પુરા દસ્તાવેજો ટ્રાયલ કોર્ટ સુધી પહોંચ્યા નથી. તેથી શું આરોપીને કાયમ માટે જેલમાં રાખી શકાય. રામ જેઠમલાણીની આ દલીલમાં સુપ્રિમ કોર્ટની બેંચે સીબીઆઈને નોટીસ પાઠવી છે. અને પુછ્યું છે કે આવી સ્થિતિમાં આરોપીને જામીન કેમ ન આપવા તે અંગે જવાબ રજુ કરવા જણાવ્યું છે. હવે આ કેસની વધુ સુનાવણી ૧૩ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ રાખવામાં આવી છે. સોહરાબુદ્દીન કેસને લઈને રાજકારણમાં પણ ભારે ચર્ચા થઈ છે. આ મામલામાં અનેક પોલીસ અધિકારીઓ તપાસના ઘેરમાં આવી ચુક્યા છે અને જેલની સજાનો પણ સામનો કરી રહ્યા છે. આ મામલો હજુ પણ ગરમ બનેલો છે.

પાલનપુર ખાતે ઈન્કમટેક્ષ ઓફીસમાં આજે પ્રજાજનોની સેવામાં આયકર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાયમી સુવિધા સાથે પ્રજાની સેવાઓ ચાલુ કરવામાં આવી હતી.

છીતુભાઈ ગામિતને કોંગ્રેસ દ્વારા ભાવાંજલિ

અમદાવાદ, તા.૧૭

દક્ષિણ ગુજરાતના આગેવાન તથા કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા છીતુભાઈ ગામિતના દુ:ખદ નિધન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતા અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષતા સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહમદ પટેલે જણાવ્યું હતું કે સ્વ. છીતુભાઈ ગામિત આદિવાસી સમાજ સહિત સમાજના વિવિધ વર્ગોના કલ્યાણ માટે જાગૃત પ્રતિનિધિ તરીકે આજીવન કાર્યરત રહ્યા હતા. સતત આઠ વખત લોકસભામાં કોંગ્રેસ પક્ષનું પ્રતિનિધિત્વ કરતાં સ્વ. છીતુભાઈ ગામિત દક્ષિણ ગુજરાતના જનપ્રતિનિધિ તરીકે હંમેશા ઝઝુમતા રહ્યા હતા. છીતુભાઈ ગામિતના અવસાન અંગે શોકાંજલિ અર્પણ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે સ્વ. છીતુભાઈ ગામિત જુની પેઢીના આગેવાન હતા. વિકાસશીલ ખેડૂત તરીકે કાર્યરત દક્ષિણ ગુજરાતના અનેક પ્રશ્નોના ઉકેલ લાવીને સાચા અર્થમાં લોક પ્રતિનિધીત્વ તરીકે આગવી ઓળખ ઉભી કરી હતી.

જર્મની વિદ્યાર્થીઓની મોદીની સાથે મુલાકાત

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સૌજન્ય મુલાકાત આજે ગુજરાતનો પ્રવાસ કરી રહેલા જર્મનીની હોફ યુનિવર્સિટીના ૨૭ વિદ્યાર્થીઓના ડેલીગેશને લીધી હતી. મુખ્યમંત્રી સાથે ભારત અને ગુજરાતના વિકાસ-વિઝન વિશેપ્રશ્નોત્તરી કરી હતી. જર્મનીની હોફ યુનિવર્સિટીના ઈન્ટરનેશનલ બિઝનેસ મેનેજમેન્ટના વડા પ્રો. દિનેશ પટેલના નેતૃત્વમાં ૨૭ જર્મન વિદ્યાર્થીઓ દસ દિવસનો ગુજરાત પ્રવાસ કરી રહ્યા છે.

મહેસુલ વિભાગ ભરતી સમિતિ, ગાંધીનગર દ્વારા આજરોજ મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના અધ્યક્ષ સ્થાને સબરજીસ્ટ્રાર ગ્રેડ-૨ (વર્ગ-૩) સંવર્ગના ઉમેદવારોને નિમણૂંક પત્ર એનાયત કરવાનો સમારંભ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર ખાતે યોજાયો હતો. મંત્રીશ્રીના હસ્તે કુલ-૭૧ ઉમેદવારોને નિમણૂંક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ -સંગે મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રાજય સરકારના મહેસુલ વિભાગના પરિવારના સભ્ય બનનાર તમામ ઉમેદવારોને હાર્દિક અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, કોઈ પણ ક્ષેત્રેમાં નોકરી કરતા ઉમેદવારે ફરજને સૌથી વધુ -દ્યાન્ય આપવું જોઈએ. પોતાનું કામ પુરી નિષ્ઠા અને ઈમાનદારીથી કરવું જોઈએ. વધુમાં શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, તમામ કાર્યમાં જમીનની જરૂર પડે છે. જેથી મહેસુલ વિભાગ રાજય સરકારના તમામ વિભાગોની કડીરૂપ વિભાગ છે. આથી આ કચેરીમાં દિવસ દરમ્યાન અનેક લોકો દૂર દૂરથી ભાડા ખર્ચી અને લાઈનમાં ઉભા રહીને પોતાનું કામ કરાવવા આવતા હોય છે, તેમના કામો ખૂબ ઝડપથી અને પારદર્શક રીતે કરી આપવા સર્વે ઉમેદવારોને ભારપૂર્વક જણાવ્યું હતું. નવી નિમણૂંક પામનાર ઉમેદવારોને ટેકનોલોજીનો ઉપયોગ કરવા અને મહેસુલ વિષયનું જ્ઞાન વધારવા માટે ખાસ અનુરોધ કર્યો હતો.

બહેરામપુરામાં ગેરકાયદે બાંધકામ અંતે દૂર કરાયા

અમદાવાદ શહેરના દક્ષિણ ઝોનના એસ્ટેટ અને નગર વિકાસ ખાતાના સેન્ટ્રલ ડીમોલીશન સેલ દ્વારા બહેરામપુરા વોર્ડમાં સિકંદર માર્કેટ રોડ ઉપર આશરે ૧૨ ફુટ ઊંડા ખાડામાં પાયામાંથી આશરે ચારથી પાંચ માળના ફલેટની સ્કીમ બની શકે તેવી હેવી ડિઝાઈનના ગ્રાઉન્ડ લેવલ સુધીના આરસીસી કોલમવાળુ અંદાજીત ૩૮૪ ચો.મી.ની જગ્યામાં થયેલ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવ્યું છે. સેન્ટ્રલ ડીમોલીશન સેલ દ્વારા આગોતરા આયોજન કરી ઝોનવાઈઝ ગેરકાયદે બાંધકામ તોડવાની આ પ્રકારની ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.

શબ્દાવલી - ૫૨૬૦



આડી ચાવી

૧. રસ્તો, પથ (૩)
૩. મોંઘવારીમાં ક્માનાર એક હોય ને... ઘણા, તો પુરૂ ક્યાંથી થાય (૩)
૫. વાક્પટૂતા (૫)
૮. વખાણવા યોગ્ય (૫)
૧૦.પ્રાર્થના, સ્તોત્ર (૨)
૧૨.નિત્ય, હરરોજ (૨)
૧૩.નનામી, ઠાઠડી (૩)
૧૫.આલિંગન (૨)
૧૬.રસવાળુ (૩)
૧૮.ચોપગુ પ્રાણી, ખરગોશ (૩)
૨૦.રત્નાદે (૩)
૨૨.ક્રિકેટમાં દાવ લેનારની બદલે દોડનાર (૩)
૨૪.દહીં વલોવીને... બનાવાય (૨)
૨૫.આકાશમાં એકઠો થયેલો વરાળનો ગોટો (૩)

ઊભી ચાવી

૧. કૈલાસ શિખર પાસેનું પ્રસિદ્ધ સરોવર (૬)
૨. સાક્ષી (૩)
૩. લેણાદેણીનો હિસાબ(૨)
૪. યત્ર... પુજ્યન્તે રમન્તે તત્ર દેવતા (૩)
૬. બાંદી, દાસી (૩)
૭. સફેદ રેસા કે સેવ જેવી એક ચીજ જેમાંથી મિઠાઇ બને(૫)
૯. રાજા કરે... દરજી સીવે ક્રોટ (૪)
૧૧.ધાર્મિક યાત્રા સ્થળ ધામ (૩)
૧૪.આખલો (૩)
૧૫.ફુગ્ગા (૩)
૧૭.સાર, સત્ત્વ (૩)
૧૯.સહેલું (૩)
૨૧.'વાલ' શબ્દ ઊંધો (૨)
૨૩.રાજાઓ... માં સવારી કરી બહાર જતા (૨)

શબ્દાવલી ૫૨૫૯ના જવાબ

આડી ચાવી :-(૧) સથવારો (૪) હજમ (૭) લાડ (૮) પકવાશય (૧૦) ક્વેણ (૧૧) કાપડ (૧૩) કીરતાલ (૧૭) રઘવાટ (૧૮) ઝડપ (૧૯) ડીશ (૨૦) કાળપ (૨૩) પાંત્રીસ (૨૫) ઉલટપુલટ

ઊભી ચાવી :- (૧) સલાહકાર (૨) થડ (૩) રોપવે (૪) હવા (૫) જશ (૬) મય (૯) કણકી (૧૦) કડવાશ (૧૨) પઘડી (૧૪) રઝળપાટ (૧૫) તાડપત્રી (૧૬) લપ (૨૧) ચાંઉ (૨૨) દાપુ (૨૪) સડો

ખાદી ઉત્સવ ૨૦૧૩-૧૪ ખાદી અને ગ્રામોદ્યોગની ચીજ-વસ્તુઓનું પ્રદર્શન

ખાદી ઉત્સવ ૨૦૧૩-૧૪ ખાદી અને ગ્રામોદ્યોગની ચીજ-વસ્તુઓનું પ્રદર્શન સહવેચાણ ગુરૂવાર તા. ૧૨-૧૨-૨૦૧૩ના રોજ એજયુકેશન સોસાયટી ગ્રાઉન્ડ, સંદેશ પ્રેસ સામે, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા માનનીય અધ્યક્ષશ્રી વાડીભાઈ બી. પટેલ(ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, મુખ્ય અતિથિ વિશેષશ્રી વાસણભાઈ ગોપાલભાઈ આહિર (રાજય કક્ષાના મંત્રી, કુટીર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ), અને શ્રીમતી મીનાક્ષીબેન પટેલ (મેયર અમદાવાદ મહાનગરપાલિકા), ડૉ. કીરીટભાઈ પ્રેમજીભાઈ સોલંકી (સંસદ સભ્ય), રાકેશભાઈ શાહ (ધારાસભ્ય), મનુભાઈ મહેતા (પ્રમુખશ્રી ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ સંસ્થા સંઘ), અરૂણભાઈ સોલંકી (આઈએએસ, કમીશનગર અને સચિવ, કુટીર અને ગ્રામોદ્યોગ), સંજય જી. હેડાઉ(રાજય નિર્દેશક, ખાદી ગ્રામોદ્યોગ આયોગ) અને અન્ય ઉપસ્થિત મહાનુભાવોની હાજરીમાં શુભારંભ કરાયો.

સમારંભના પ્રમુખશ્રી વાડીભાઈ પટેલ તેમજ અન્ય અતિથિ વિશેષના મનોમંથન માંથી ગુજરાતનો ખરો પોશાક છે ખાદી, ગુજરાતની ખરી સંસ્કૃતી છે ખાદી, સાદગી અને ખાદી અંબર ચરખામાંથી, સુતરની આંટીમાંથી કંતાઈ, વણાઈ બને એ ખાદી પોશાકની, રાષ્ટ્રપિતા ગાંધીજીની ખાદીના પહેરવેશ માટેની શિખામણ જીવનાને સપ્રમાણ અને મીઠું જીવવાની મુલ્યવાન ભેટ આપી ગયા છે.

તારીખ ૧લી જાન્યુઆરી સુધી આયોજન કરાયેલ આ ખાદી મહોત્સવમાં આધુનિક જમાનાને પહેરવેશમાં અનુકૂળ પડે તેવી વિવિધ ખાદીની બનાવટો, માટીકામ, હસ્તકલા, ચર્મઉદ્યોગ જેવા દરેક ક્ષેત્રોના ઉત્પાદનો ઘરેઘરમાં, દરેક કુટુંબમાં ઉપયોગમાં લેવા આગ્રહ રાખો તેવી નમ્ર રજૂઆત કરાઈ છે.

'આપ'ની નવી ચાલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહેશે. આ અગાઉ સરાકર બનાવવી જોઈએ કે નહીં તેને લઈને પાર્ટીમાં લાંબી બેઠકોનો દોર ચાલ્યો હતો. આજે સવારે બે કલાકથી વધુ સમય સુધી આમ આદમી પાર્ટીના નેતાઓની બેઠક ચાલી હતી જેમાં સરકાર બનાવવાના મુદ્દા પર કોઈ ફેંસલો થઈ શક્યો નહતો. ત્યારબાદ પાર્ટીએ ધારાસભ્યોની બેઠક યોજી હતી. આ બેઠક બાદ કેજરીવાલે પત્રકાર પરિષદમાં કહ્યુ હતુ કે લોકોના અભિપ્રાય મુજબ આગળ વધવામાં આવશે. સુત્રોના જણાવ્યા મુજબ દિલ્હીમાં સરકાર બનાવવાના લઈને આમ આદમી પાર્ટીના નેતાઓમાં ગંભીર મતભેદ થઈ ગયા છે. રાજકીય અટકળબાજી વચ્ચે સવારે પાર્ટીની બેઠકમાં એક જૂથે સરકાર બનાવવા પર ભાર મુક્યો હતો. જ્યારે કેટલાક લોકોનો મત હતો કે પહેલા પાર્ટીના મુદ્દા પર કોંગ્રેસ અને ભાજપના અભિપ્રાય મળવા જોઈએ.

સરકારની રચનાને લઈને સવારે ૧૦.૩૦ વાગ્યે આમ આદમી પાર્ટીની ગાજિયાબાદના કોસામ્બી સ્થિત કચેરી પર બેઠક થઈ હતી. આ બેઠકમાં પક્ષના સંયોજક અરવિંદ કેજરીવા, યોગેન્દ્ર યાદવ, કુમાર વિશ્વાસ, મનિષ શિશોદિયા ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં લાંબી ચર્ચા છતાં કોઈ નિર્ણય લઈ શકાયો નહ તો. આમ આદમી પાર્ટીની પ્રતિષ્ઠાને લઈને મામલો સંવેદનશીલ થઈ ચુક્યો છે જેથી વહેલીતકે નિર્ણય ન લેવામાં આવેતો પક્ષની પ્રતિષ્ઠાને ફટકો પડશે તેવો મત પણ કેટલાક નેતાઓએ વ્યક્ત કર્યો હતો. પાર્ટીને નુકસાનથી બચાવવા માટે આ નેતા દિલ્હીમાં સરકારની રચનાની તરફેણ કરી રહ્યા હતા. આ લોકોનું કહેવું હતુકે જો આજે નિર્ણય લેવાશે નહીં તો કેન્દ્ર સરકાર દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરશે ત્યારબાદ આમ આદમી પાર્ટીના હાથમાં કશુ રહેશે નહીં.

સાતત્યનો વિક્રમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બરફ વર્ષા થઈ રહી છે જેની સીધી અસર ગુજરાત અને ગાંધીનગર પર થઈ રહી છે. લઘુત્તમ તાપમાન છેલ્લા પાંચ દિવસથી સતત ૯ ડિગ્રીની આસપાસ જ ફરી રહ્યું છે. હવે તો લઘુત્તમ તાપમાનની સાથે સાથે મહત્તમ તાપમાન પણ ઘટી રહ્યુ છે. જેના કારણે દિવસે પણ ગરમ વસ્ત્રોમાં સજજ થઈને ફરવું પડે છે. મંગળવારે મહત્તમ તાપમાન ૨૯ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૯.૮ ડિ.સે. રહ્યું હતું. વળી વહેલી સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૪ ટકા જેટલું ઉંચું રહેતા ધુમ્મસ જેવું વાતાવરણ છવાયું હતું. સવારે નવ વાગ્યે તડકો નીકળતા ધુમ્મસ ઓછું થયું હતું.

તીવ્ર ઠંડીના કારણે શહેરમાં સાંજે સાત વાગ્યા પછી અવરજવર સાવ ઓછી થઈ જાય છે. રાત્રે દસ વાગે તો શહેરમાં જાણે સ્વૈચ્છિક કર્ફયું લાગી જાય છે. આંતરિક માર્ગો એકદમ સુમસામ થઈ જાય છે તો મુખ્ય માર્ગો પર પણ રડયાખડયા વાહનોની જ અવરજવર રહે છે. ઝુંપડપટ્ટીમાં રહેતા લોકો મોડી રાત સુધી તાપણાં કરી ઠંડી ઉડાડવાનો પ્રયાસ કરતા નજરે ચઢે છે.

રન ફોર યુનિટીની સમીક્ષા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મંત્રીમંડળની બેઠકમાં વિવિધ રાજ્યોમાં સ્ટેચ્યુ ફોર યુનિટીના પ્રચાર માટે કરેલ પ્રવાસ દરમ્યાન જે તે રાજ્યોમાંથી લોકો તરફથી કેવો પ્રતિભાવ મળ્યો, કયા રાજ્યમાંથી કેટલું લોખંડ એકત્રીત થઈ શકશે તે અંગેની વિગતો મેળવીને સમીક્ષા કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત રન ફોર યુનિટી કાર્યક્રમને મળેલી સફળતા અંગે પણ ચર્ચા વિચારણા કરીને સમીક્ષા કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.